# વૈજ્ઞાનિક સહાયક (આઇ.એમ.ડી.)

વૈજ્ઞાનિક સહાયક એ વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં કામ કરનારા કર્મચારીઓ છે. વૈજ્ઞાનિક સહાયકની ફરજ વૈજ્ઞાનિક અથવા સંશોધકોની ટીમને સંશોધન કરવા, નવા ઉત્પાદનો અને તકનીકો વિકસાવવા માટે સહાય પૂરી પાડવાની છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમને વિજ્ઞાનમાં રુચિ ધરાવો છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમે કામ કરતી વખતે સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું પસંદ કરો છો
- તમે વિગતો પર ધ્યાન આપો છો

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૨૦,૦૦૦ થી ૩,૦૫,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે digitalgujarat.gov.in ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, www.vidyalakshmi.co.in, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત)

૨. ભૌતિકશાસ્ત્ર / કમ્પ્યુટર સાયન્સ / માહિતી ટેકનોલોજી / કમ્પ્યુટર એપ્લિકેશન્સમાં સ્નાતક (B.Sc.)ની ડિગ્રી મેળવો અને ત્યારબાદ, એસ.એસ.સી. આઇ.એમ.ડી. વૈજ્ઞાનિક સહાયકની પરીક્ષા આપો. **અથવા**

ઇલેક્ટ્રોનિક્સ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયરીંગમાં ડિપ્લોમા પૂર્ણ કરો અને પછી એસ.એસ.સી. આઇ.એમ.ડી. વૈજ્ઞાનિક સહાયકની પરીક્ષા આપો. **અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતક (M.Sc.)ની ડિગ્રી પૂર્ણ કરો અને પછી એસ.એસ.સી. આઇ.એમ.ડી. વૈજ્ઞાનિક સહાયકની પરીક્ષા આપો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

વૈજ્ઞાનિક સહાયક (આઇ.એમ.ડી.)નું અંદાજીત માસિક વેતન રૂ. ૩૫,૪૦૦ થી ૧,૨૦,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://internal.imd.gov.in/section/rti/MANUAL_10.pdf

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ભારતીય હવામાન વિભાગ

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ છે. તમારે ટીમનું નેતૃત્વ કરવાની જવાબદારી નિભાવવાની રહેતી નથી. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો ભાગ નથી. તમે સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, દરરોજ ૭ થી ૮ કલાક કામ કરશો. શિફ્ટ પ્રથા લાગુ થઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

વૈજ્ઞાનિક સહાયક → વૈજ્ઞાનિક વરિષ્ઠ સહાયક → વૈજ્ઞાનિક અધિકારી → વૈજ્ઞાનિક અધિકારી → વૈજ્ઞાનિક અધિકારી

### સર્ચ માટેના કીવર્ડ્સ ...

રિસર્ચ આસિસ્ટન્ટ, સાયન્ટીફિક આસિસ્ટન્ટ, લેબ આસિસ્ટન્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વિજ્ઞાન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.**
સંસ્થાઓની અહીં આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. સેન્ટ સ્ટીફન્સ કોલેજ, દિલ્હી
૨. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૩. મિરાન્ડા હાઉસ, દિલ્હી
૪. મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજ, ચેન્નાઈ
૫. ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગલુરૂ
૬. ગવર્મેન્ટ આર્ટસ કોલેજ, કોઈમ્બતુર
૭. નિઝામ કોલેજ, હૈદરાબાદ
૮. એમ.એસ.યુ., વડોદરા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૨. ઈન્ડસ ઈન્ટરનેશનલ યુનિવર્સિટી, ઉત્તર પ્રદેશ
૩. પેરિયાર મણિયમ્માઈ ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, તમિલનાડુ
૪. શ્રી ચંદ્રશેખરેન્દ્ર સરસ્વતી વિશ્વ મહા વિદ્યાલય, તમિલનાડુ
૫. કર્ણાવતી યુનિવર્સિટી, અમદાવાદ
૬. પારુલ યુનિવર્સિટી, વડોદરા
૭. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, કોલકાતા
૮. માઉન્ટ કાર્મેલ કોલેજ, બેંગલુરૂ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (ઇગ્નુ)

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://nptel.ac.in/courses/119102007/
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**અમોલ વીર** ભારતીય હવામાન વિભાગ, ઔરંગાબાદમાં વૈજ્ઞાનિક સહાયક તરીકે ફરજ બજાવે છે. તેમણે એમ.આઈ.ટી. ઔરંગાબાદમાંથી ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન એન્જિનિયરીંગમાં સ્નાતકની ડિગ્રી અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેક્નોલોજી, પટનામાંથી મેકાટ્રોનિક્સમાં અનુસ્નાતકની પદવી હાંસલ કરેલ છે.*

સ્ત્રોત: https://rocketreach.co/amol-Veer-email_224258022

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.